પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

RNI NO:- 67073/97 વર્ષ : ૨૭ ● અંક : ૧૨૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૩-૦૧-૨૦૨૪ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-






## સદીઓની રાહ જોયા બાદ આજે આપણા રામ આવ્યા છે. આ ક્ષણ સૌથી પવિત્ર છે,વડાપ્રધાન

અયોધ્યા,

આજે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકોને સંબોધિત કર્યા હતા.ઁસ મોદીએ કહ્યું કે, હવે આપણા રામલલા હવે ટેન્ટમાં નહીં રહે. રામ મંદિરના ઉદ્‌ઘાટન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સદીઓની રાહ જોયા બાદ આજે આપણા રામ આવ્યા છે. આ ક્ષણ સૌથી પવિત્ર છે.

આ વાતાવરણ, આ ઉર્જા, આ ક્ષણ આપણા બધા પર ભગવાન શ્રી રામના આશીર્વાદ છે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪નો આ સૂર્ય અદ્ભુત આભા લઈને આવ્યો છે. આજની તારીખ એ કેલેન્ડર પર લખેલી તારીખ નથી, તે નવા સમયચક્રની ઉત્પત્તિ છે.

મોદીએ કહ્યું કે, જ્યાં રામનું કામ થાય છે, ત્યાં હનુમાન પણ હોય છે. આ જ કારણ છે કે હું પણ હનુમાનગઢીને આદર આપું છું. તેમના સિવાય હું અન્ય દેવતાઓ અને અયોધ્યાપુરી અને સરયુને પણ પ્રણામ કરું છું. આ ક્ષણે હું દિવ્ય અનુભૂતિ કરી રહ્યો છું, જેમના મહાન આશીર્વાદથી આ કાર્ય પૂર્ણ થયું છે. કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, "હું ભગવાન રામની પણ માફી માંગવા માંગુ છું... અમારા બલિદાન અને પ્રયત્નોમાં કંઈક એવી કમી હતી કે અમે આટલી સદીઓ સુધી આ કામ ન કરી શક્યા. આજે એ ઉણપ ભરાઈ ગઈ છે. મને વિશ્વાસ છે કે ભગવાન મને ચોક્કસ માફ કરશે.

કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, હું ભગવાન રામની પણ માફી માંગવા માંગુ છું... અમારા બલિદાન અને પ્રયત્નોમાં કંઈક એવી કમી હતી કે અમે આટલી સદીઓ સુધી આ કામ ન કરી શક્યા. આજે એ ઉણપ ભરાઈ ગઈ છે. મને વિશ્વાસ છે કે ભગવાન મને ચોક્કસ માફ કરશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજયપાલ આનંદીબેન પટેલ અને આરએસએસના વડા મોહન ભાગવતની ઉપસ્થિતિમાં અનુષ્ઠાન પૂર્ણ થયું. આ તમામ યજમાનોએ રામલલાની આરતી ઉતારી હતી. તો બીજી તરફ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જે મહેમાનોને આમંત્રણ મોકલાયું છે તેમાંના અનેક રાજકીય નેતાઓ, ફિલ્મ જગતના સિતારા અને રમતગમત જગતની અનેક હસ્તીઓ અયોધ્યામાં હજાર હતી. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યું છે. તેમણે પોતાના સંબોધનની શરૂઆત સીયાવર રામચંદ્ર કી જય..ના નારા સાથે શરૂ કરી. તેમણે કહ્યું કે, 'અહીં ઉપસ્થિતિ, વિશ્વના ખૂણે ખૂણેથી જોડાયેલા રામભક્તોને પ્રણામ અને રામ રામ. 'આજ હમારે રામ આ ગયે હે'. સદીઓની પ્રતિક્ષા બાદ આપણા રામ આવી ગયા છે. સદીઓનું અભૂતપૂર્વ ધૈર્ય અને બલિદાન અને ત્યાગ-તપસ્યા બાદ આપણા રામ આવી ગયા છે. આ શુભ ઘડીની સમગ્ર દેશવાસીઓને ખુબ ખુબ શુભેચ્છા. આપણા રામલલા હવે ટેન્ટમાં નહીં રહે. આપણા રામલલા હવે દિવ્ય મંદિરમાં રહેશે. ૨૨ જાન્યુઆરી એક તારીખ નથી, આ એક નવા કાળચક્રની શરૂઆત છે'


હું આજે પ્રભુ રામ પાસે ક્ષમા માંગું છું. આપણી તપસ્યામાં કંઈક તો ખામી રહી ગઈ હશે કે આપણે આટવા વર્ષો સુધી આ કાર્ય કરી ન શક્યા. મને વિશ્વાસ છે પ્રભુ રામ આપણને ક્ષમા કરશે.

પ્રાણ પ્રતિષ્ઠા બાદ સંબોધન કરતા મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, ભારતના તમામ શહેર, તમામ ગામ અયોધ્યા ધામ છે. તમામ માર્ગ શ્રીરામ જન્મભૂમિ તરફ આવી રહ્યા છે. તમામ જીભ રામ-રામ જપી રહી છે. આખુ રાષ્ટ્ર રામમય છે. એવું લાગે છે, આપણે ત્રેતા યુગમાં આવી ગયા છીએ. રામ મંદિર બનાવવા માટે સંતો, સન્યાસીઓ, પૂજારીઓ, નાગાઓ, નિહંગો, બુદ્ધિજીવીઓ, રાજનેતાઓ તમામ સમાજના લોકોએ ખુદને સમર્પિત કર્યા. 'મંદિર વહીં બના હે, જહાં કા સંકલ્પ લિયા થા. અયોધ્યામાં બનેલા દિવ્ય અને ભવ્ય રામ મંદિરમાં પ્રભુ શ્રી રામના બાળ સ્વરુપ રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે. રામ મંદિરના ગર્ભગૃહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા વિધિમાં ભાગ લીધો હતો. અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા માટે પૂજા-અર્ચના કરી હતી. તેમની સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવત, રાજયપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હાજર રહ્યા.

## રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાને લઈ ભગવાન જગન્નાથનો સોનાનાં આભૂષણોથી શણગાર કરાયો

અમદાવાદ,

ભગવાન રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠામાં હવે ગણતરીના કલાકો જ બાકી છે. ત્યારે દેશભરમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. ત્યારે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં પણ વિશેષ આયોજન કરાયું છે. જગન્નાથ મંદિરમાં વિશેષ સજાવટ કરવામાં આવી છે. તેમજ ભગવાન જગન્નાથને સોનાના આભૂષણોથી શણગાર કરાયો છે. બીજી તરફ ભગવાના જગન્નાથને સુવર્ણ બાનથી સજાવવામાં આવ્યા છે. આ સાથે મંદિરમાં સુંદરકાંડ પાઠ અને ભજન



કીર્તનનું આયોજન કરાયું છે.

બીજી તરફ રજનીકાંત, ધનુષ અને બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌત એક દિવસ પહેલા જ અયોધ્યા પહોંચી ગયા છે. અરુણ ગોવિલ પણ પહેલેથી જ અયોધ્યામાં છે.આ બધા સિવાય વિવેક ઓબેરોય, અનુ મલિક, પવન કલ્યાણ, રણદીપ હુડ્ડા, જુબિન નૌટિયાલ અયોધ્યા પહોંચી ગયા છે.

અમિતાભ બચ્ચન, અનુપમ ખેર, સાઉથ સુપરસ્ટાર ચિરંજીવી, માધુરી દીક્ષિત, પ્રભાસ આજે સવારે સીધા અયોધ્યા આવશે. તેમાંથી બિગ બી અને માધુરી દીક્ષિત પ્રાઈવેટ જેટ દ્વારા આવશે. જ્યારે બાકીના સ્ટાર્સ ફ્લાઈટ દ્વારા પહોંચશે. ધનુષ પણ આ કાર્યક્રમનો ભાગ બનવા જઈ રહ્યો છે. સંગીતકાર શંકર મહાદેવન લખનૌ પહોંચી ગયા છે અને ત્યાંથી તેઓ અયોધ્યા જવા રવાના થશે.

## રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાને કારણે બિઝનેસમાં વધારો, અત્યાર સુધી એક લાખ કરોડ રૂપિયાનો વેપાર થયો

અયોધ્યા,

અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાને કારણે આખો દેશ રામભક્તિમાં ડુબી ગયો છે. ૨૨ જાન્યુઆરીએ દેશભરમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેને કારણે નાના નાના વેપારીઓને પણ ફાયદો થઈ રહ્યો છે. લોકો ઝંડા, ફૂલ, પૂજા સામગ્રી, મિઠાઈ અને દીવા ખરીદી રહ્યાં છે. ટેન્ટ અને હલવાનું પણ એડવાન્સમાં બુકિંગ થઈ રહ્યું છે. વેપારી સંગઠન કનફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સની માનીએ તો દેશભરમાં વેપારીઓને એક લાખ કરોડ રૂપિયા કરતા વધુનો બિઝનેસ થઈ ચુક્યો છે.

કેટના રાષ્ટ્રીય મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યુ કે સોમવારે અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના પ્રસંગે દેશમાં વેપારી પોતાની દુકાનોને ખુલ્લી રાખશે. બિઝનેસ કોમ્યુનિટી વચ્ચે દરેક શહેર અયોધ્યા-ઘર ઘર અયોધ્યા નામથી રાષ્ટ્રીય અભિયાન ચલાવી રહ્યું છે. દેશભરમાં ૨૨ જાન્યુઆરીએ માર્કેટ ખુલ્લુ રાખવા અને અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

રામ મંદિરની હેન્ડક્રાફ્ટ કરેલી ૩ડી પ્રતિકૃતિ, રામ દરબાર સાથે એમ્બોસ્ડ કરાયેલા ચાંદના સિક્કા, કેલેન્ડર, ગિલ્ડેડ ફોટો ફ્રેમ્સ અને હાથથી બનાવેલા દીવાઓ ધરાવતા ગિફ્ટ સેટ જેવી વસ્તુઓ વધારે વેચાઈ છે.

સીએઆઈટીના રાષ્ટ્રીય મહાસચિવ પ્રવીણ ખંડેલવાલ કહે છે, "રામ મંદિરની છબી દર્શાવતા ધ્વજ, બેનરો, કેપ, ટી-શર્ટ અને પ્રિન્ટેડ કુર્તાની ખુબ માંગ છે. રામ મંદિરના મોડલની માંગમાં પણ ઝડપથી વધારો જોવા મળ્યો છે અને એવી અપેક્ષા છે કે દેશભરમાં ૫ કરોડથી વધુ મોડલ વેચવામાં આવશે જેના માટે નાના મેન્યુફેક્ચરિંગ એકમો ઘણા શહેરોમાં ૨૪ કલાક કામ કરી રહ્યાં છે.

શોર્ટ વિડિયો એપ જોશ અને કન્ટેન્ટ ડિસ્કવરી પ્લેટફોર્મ ડેઈલીહન્ટે સામુહિક ભક્તિને અપનાવવા માટે એક ડિજિટલ પહેલ 'શ્રી રામ મંત્ર જાપ રૂમ' શરૂ કરવા સહયોગ કર્યો છે જ્યાં વ્યક્તિ ૨૨ જાન્યુઆરીએ વર્ચ્યુઅલર રીતે મંત્રોનો જાપ કરી શકે છે. પ્રથમ વખતનું ડિજિટલ જાપ સત્ર વપરાશકર્તાઓને પાઠ કરવા માટે પ્રેરિત કરશે.

## આગામી બજેટમાં સોનાં અને હીરા પર ડ્યુટી ઘટાડવાની માંગ

સુરત,

સામાન્ય બજેટ પહેલા જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ જીજેઈપીસીએ આ ક્ષેત્રને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રહેવામાં મદદ કરવા માટે સોના ઉપરાંત કટ અને પોલિશ્ડ હીરા પરની ઈમ્પોર્ટ ડ્યુટી ઘટાડવા સરકારને વિનંતી કરી છે.

ભારતનો જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગ સોનું, હીરા, ચાંદી અને રંગીન રત્નો સહિતના કાચા માલની આયાત પર નિર્ભર છે.સુરત દેશનું સૌથી મોટું ડાયમંડ હબ છે ત્યારે સરકારનો નિર્ણય મહાનગરના કારીગરો અને ઉદ્યોગકારો માટે પણ મહત્વપૂર્ણ સાબિત થશે.સોના ઉપરાંત કટ અને પોલિશ્ડ હીરા પરની ઈમ્પોર્ટ ડ્યુટી ઘટાડવા માંગ જીજેઈપીસી કિંમતી ધાતુઓ પરની આયાત ડ્યૂટી વર્તમાન ૧૫% થી ઘટાડીને ૪% કરવાની માંગ કરી રહી છે. જેમાં સીપીડી પરની કસ્ટમ ડ્યુટી વર્તમાન ૫% થી ઘટાડીને ૨.૫% કરવાની માંગ કરવામાં આવી છે. બોડીએ સરકારને 'ડાયમંડ ઈમ્પ્રેસ્ટ લાયસન્સ' ફરીથી શરૂ કરવા અને આયાત ડ્યુટી ઘટાડવા વિનંતી કરી.

જીજેઈપીસીએ જણાવ્યું હતું કે તે ભારતીય સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો હીરાના નિકાસકારોને તેમના મોટા સમકક્ષો સાથે એક સમાન ક્ષેત્ર પ્રદાન કરશે, હીરાના વેપારીઓને હીરાના ખાણના સ્થળો અને કારખાનાઓમાં રોકાણ કરતા અટકાવશે. હીરાના વર્ગીકરણ અને રફ હીરાની પ્રક્રિયાના સંદર્ભમાં વધુ રોજગાર પ્રદાન કરશે. રોજગારી વધારવા માટે માંગી તરફ ધ્યન આપવા વિનંતી કરાઈ છે.

કાઉન્સિલે સરકારને વિનંતી કરી છે કે સેફ હાર્બર નિયમ દ્વારા સ્પેશિયલ નોટિફાઈડ ઝોનમાં રફ હીરાના વેચાણની લાંબા સમયથી પડતર માંગણી પર વિચાર કરવામાં આવે અને સેઝ મારફતે કામ કરવા માટે પાત્રતા ધરાવતી સંસ્થાઓનો વિસ્તાર વિસ્તારવામાં આવે. હાલમાં સેઝમાં ખાણકામ કરતા દેશો દ્વારા માત્ર નિદર્શન સત્રોનું આયોજન કરવામાં આવે છે.કાઉન્સિલે એ પણ વિનંતી કરી હતી કે જીદ્દઢ ને પણ ફ્રી ટ્રેડ વેરહાઉસિંગ ઝોન તરીકે કામ કરવાની મંજૂરી આપવી જોઈએ જ્યારે વિદેશી ખાણકામ કંપનીઓ અને એકમો દ્વારા તેનો ઉપયોગ ન કરવામાં આવે તેવી માંગ કરી છે.

## મેં એવો કયો ગુનો કર્યો છે કે, હું મંદિરમાં ન જઈ શકું', આસામ તીર્થધામમાં પ્રવેશનો સમય બદલાતા રાહુલ ગાંધીના ધરણાં

અયોધ્યા,

આજે, રામલલ્લાના અભિષેક દરમિયાન, રાહુલ ગાંધી નાગાંવ જિલ્લામાં સ્થિત આસામી સંત શ્રીમંત સંકરદેવના જન્મસ્થળની મુલાકાત લેવાના હતા. જોકે, આ કાર્યક્રમના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ મંદિરમાં પ્રવેશના સમયમાં ફેરફાર અંગે પ્રતિક્રિયા આપી છે.



કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે, અમે મંદિરના દર્શન કરવા માંગીએ છીએ. મેં એવો કયો ગુનો કર્યો છે કે, હું મંદિરમાં જઈ શકતો નથી? તેમણે આરોપ લગાવ્યો કે, મને મંદિરમાં જવા દેવામાં નથી આવી રહ્યું, તેઓ નથી ઈચ્છતા કે, હું મંદિરમાં જાઉં. તે સ્પષ્ટ છે કે, ઉપરથી આદેશ આવ્યો છે. રાહુલ ગાંધીએ આસામના નાગાંવમાં સ્થાનિક મંદિરમાં દર્શન કર્યા બાદ પ્રવેશ ન મળવા પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, અમે કોઈ સમસ્યા ઉભી કરવા માંગતા નથી, માત્ર મંદિરમાં પ્રાર્થના કરવા માંગીએ છીએ. તેમણે અધિકારીઓની ટીકા કરતા કહ્યું કે શું હવે પીએમ મોદી નક્કી કરશે કે, મંદિરમાં કોણ જશે.! આ સાથે જ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે વહીવટી તંત્ર પર આક્ષેપ કર્યો હતો. જયરામ રમેશે કહ્યું કે, રાહુલ ગાંધી તીર્થસ્થળ બટાદરવા પોલીસ સ્ટેશન જવા માગતા હતા, અમે ૧૧ જાન્યુઆરીથી પ્રયાસ કરી રહ્યા હતા અને અમારા ૨ ધારાસભ્યો પણ આ અંગે મેનેજમેન્ટને મળ્યા હતા. ગઈકાલે અચાનક અમને કહેવામાં આવ્યું કે, અમે બપોરે ૩ વાગ્યા પહેલા ત્યાં આવી શકીએ નહીં. તેમણે કહ્યું કે અમે કહ્યું હતું કે, અમે ૨૨ જાન્યુઆરીએ સવારે ૭ વાગ્યે આવીશું. અમને કહેવામાં આવ્યું હતું કે, અમારું સ્વાગત કરવામાં આવશે, પરંતુ અચાનક અમને કહેવામાં આવ્યું કે, અમે ૩ વાગ્યા પહેલા ત્યાં પહોંચી શકીએ નહીં. આ રાજ્ય સરકારનું દબાણ છે. અમે ત્યાં જવાનો પ્રયત્ન કરીશું, પરંતુ બપોરે ૩ વાગ્યા પછી ત્યાં જવું ખૂબ મુશ્કેલ છે કારણ કે, અમારે વધારાનું અંતર કાપવાનું છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષને સ્થાનિક મંદિરમાં જવાથી રોકવામાં આવ્યા બાદ રાહુલ ગાંધી અન્ય કોંગ્રેસના નેતાઓ સાથે આસામના નાગાંવમાં ધરણા પર બેઠા હતા. સત્તાવાળાઓએ સ્થાનિક સાંસદ, ધારાસભ્યને રાહુલ ગાંધી વિના આસામના નાગાંવમાં સંકરદેવ સત્તા મંદિરની મુલાકાત લેવાની મંજૂરી આપી હતી.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# સંતરામપુરમાં બજાર ચોકડી ખાતે અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું લાઈવ નિહાળ્યો



સંતરામપુર,

કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી પ્રો. ડૉ.કુબેરભાઈ ડિંડોરે સંતરામપુર નગર ખાતે મહિલા મંડળ તથા નગરજનો દ્વારા આયોજીત ભવ્ય રેલીમાં સહભાગી થઈ બજાર ચોકડી ખાતે પ્રભુ શ્રીરામ જન્મભૂમિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો લાઈવ કાર્યક્રમ સૌ નગરજનો, ભકતજનો અને કાર્યકર્તાઓ સાથે નિહાળ્યો. આ પ્રસંગે કારસેવા માં ગયેલ તમામ કારસેવકોને સન્માનિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.મર્યાદા પુરષોત્તમ પ્રભુ શ્રીરામ નિજમંદિર બિરાજમાન થઈ રહ્યા છે. ત્યારે તેમના આગમનને નગરજનો દ્વારા ફટાકડા ફોડી ભવ્યાતિભવ્ય આતશબાજી અને પ્રભુ શ્રીરામની ભવ્ય આરતી ઉતારી સૌ નગરજનો સાથે મળીને વધામણાં કર્યા. આ પ્રસંગે મારી સાથે તમામ કારસેવકો, સંતો, ભકતજનો, નગરજનો અને પાર્ટીના સૌ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે મલેકપુર ગામે શોભાયાત્રા યોજાઇ



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

મલેકપુરમાં શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. બેન્ડવાજા તેમજ શ્રીરામ ભગવાનને બગીમાં બેસાડીને આ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મલેકપુર ગામ તેમજ આજુબાજુના ગામમાં શ્રીરામ શોભાયાત્રા પ્રસંગે મલેકપુર ગામ બન્યું ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં મર્યાદા પુરૂષોતમ શ્રીરામ ભગવાનના મંદિરની પૂનઃપ્રાણ પ્રતિષ્ઠા થવા જઈ રહી છે. ત્યારે આખો દેશ રામમય ભક્તિથી રંગાઇ ગયો છે. મહીસાગર જીલ્લોપણ રામમય ભકતી થી રંગાઇ ગયો છે. મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર ગામ ખાતે રામ ભક્તો દ્વારા ગામમા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર મલેકપુર ગામની ગોપી મંડળની બહેનો ભાઈઓ તમામ સભ્યો તથા મલેકપુર નવયુવક મંડળના તમામ સભ્યો તેમજ ગામના સમગ્ર ગામ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં રામ ભક્તો ઉમટી પડયા હતા. ડીજેના તાલ સાથે નિકળેલી શોભાયાત્રા જય શ્રીરામ ના નારા સાથે મલેકપુર ગામમા પટેલ ફળિયું, બ્રાહ્મણ ફળિયું ગામ છેડા માતાના મંદિરે થઈને મલેકપુર પ્રાથમિક શાળા થઈને મલેકપુરના બજારમાં તેમજ સુપ્રસિદ્ધ મલેકપુર હનુમાનજીના મંદિરે થઈને શોભાયાત્રા પરત કરી હતી. મલેકપુર હનુમાનજીના મંદિરે શ્રીરામનો મોટો ફોટો આપી અને ત્યાં બપોરના સમય પૂજા–આરતી કરવામાં આવી હતી અને આખો મલેકપુર ગામ શ્રીરામના નારાથી ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. આ શોભાયાત્રામાં મહીસાગર જીલ્લાના મલેકપુર દોલતપુરા હડમતીયા શહીદ આજુબાજુના ગામોના ભકતો શોભાયાત્રામાં જોડાયા હતા. મલેકપુર ગામના ગ્રામજનો વડીલો માતાઓ અને બહેનો અને ગામના અગ્રણીઓ સમગ્ર ગ્રામજનો તથા નાના મોટા રામભક્તો જોડાયા હતા અને મલેકપુર ગામ જય શ્રીરામના નારાઓથી ગુંજી ઉઠ્યુ હતુ.



**શ્રીરામના પ્રાણ પ્રતિષ્ઠાને કાર્યક્રમને લઈને સંતરામપુર નગરમાં વિવિધ કાર્યક્રમોમાં સંતરામપુર પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો. સંતરામપુર નગરના વિવિધ વિસ્તારોમાં સંતરામપુરના પીઆઇ કે.કે. ડીંડોર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે નગરના દરેક વિસ્તારોમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવેલો હતો. જેમાં બસ સ્ટેન્ડ વિસ્તાર ધાર્મિક સ્થળો લુણાવાડા રોડ, જાહેર માર્ગો પર દરેક જગ્યાએ કોઈ ઘટના ન બને તેની બાજ નજર રાખીને નગરના વિવિધ વિસ્તારોમાં ફૂલ પેટ્રોલિંગ કરીને બંદોબસ્ત ગોઠવવામાં આવેલો હતો.**



**અયોધ્યા શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના પવિત્ર પ્રસંગે વિરપુર શ્રીરામજી મંદિર ખાતે પ્રતિષ્ઠાનું LED સ્ક્રીન પર લાઇવ પ્રસારણ, કારસેવકોનું સન્માન, મહાઆરતી તથા ભોજન સમારંભનો ભવ્ય કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે મહીસાગર જીલ્લા કલેક્ટર ભાવીનભાઇ પંડ્યા, મહીસાગર જીલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઇ બારીયા, બાલાસિનોર ધારાસભ્ય માનસિંહજી ચૌહાણ, ખેડા જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ મુકેશભાઈ શુક્લ, મહીસાગર જીલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન પિનાકીન શુક્લ, જીલ્લા ભાજપ, વિરપુર એપીએમસી ચેરમેન બાલુભાઇ પટેલ, વિરપુર અર્બન બેંક ચેરમેન ભૂપેન્દ્રભાઇ મહેતા સહિત આગેવાનો તથા વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન મહીસાગર જીલ્લા શિક્ષણ સમિતી ચેરમેન પિનાકીન મુકેશભાઈ શુક્લ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.**

# ગોધરા-લુણાવાડા હાઈવે એસ.આર.પી. ગૃપ પાસે ફોર વ્હીલ બાઈકને અડફેટમાં લઈ મહિલાનું મોત : બેને ઈજાઓ

ગોધરા,

ગોધરા–લુણાવાડા હાઈવે રોડ ઉપર એસ.આર.પી.ગૃપ–૫ ની સામે રોડ ઉપર બાઈક ચાલક પોતાની બહેન અને માતા સાથે પસાર થઈ રહ્યા હતા. ત્યારે ફોર વ્હીલ ગાડીના ચાલકે બાઈકને ટક્કર મારી ફરિયાદીની માતાને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી તેમજ બહેનને ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા–લુણાવાડા હાઈવે રોડ એસ.આર.પી.ગૃપ–૫ સામે રોડ ઉપરથી બાઈક નં.જીજે.૧૭.સીડી.૧૯૪૨ના ચાલક અમીતકુમાર મહેન્દ્રભાઈ પટેલ (રહે. ડેમલી,તા.શહેરા) તેમની અંજલી અને માતા ભાવનાબેન સાથે ગોધરા શાકભાજી લેવા જઈ રહ્યા હતા. ત્યારે ફોર વ્હીલ નં.જીજે.૧૭. બીએન.૨૮૮૫ના ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતાં ભાવનાબેનને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી તેમજ બહેન અને અજયભાઈને ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

# ગોધરા તાલુકાના છકડીયા ચોકડી કેનાલ પાસે ૪૫ વર્ષીય વ્યકિતએ દવા પી લેતાં સારવાર દરમિયાન મોત

ગોધરા,

ગોધરા તાલુકાના છકડીયા ચોકડી કેનાલ પાસે જાલીયા પેંટેના પનાના મુવાડા ગામે રહેતા ૪૫ વર્ષીય વ્યકિતએ કોઈ અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના છકડીયા ચોકડી કેનાલ પાસે રમેશભાઈ શંકરભાઈ પરમાર ઉ.વ.૪૫ (રહે. જાલીયા પેંટેના પનાના મુવાડા)એ કોઈ અગમ્યકારણોસર ઝેરી દવા પી જતાં તેઓને દવા સારવાર માટે ખસેડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના શીલજમાં પ્રાણ પ્રતિષ્ઠા નિહાળી

અમદાવાદ,

અયોધ્યામાં આજે રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થવા જઈ રહી છે. જેના પગલે મોટાભાગે દેશભરમાં દિવાળીના પર્વ કરતા પણ વધારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના શીલજમાં આજે પ્રાણ પ્રતિષ્ઠામાં આ કાર્યક્રમને નિહાળી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ શીલજ ગામમાં સ્થાનિકો સાથે એલઈડી પર રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાને નિહાળી. નરેન્દ્ર મોદીજી પરિસરમાં પોંહચતાની સાથે જ શંખ વગાડીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ધાર્મિક વિધિ વિધાન વચ્ચે રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણ કરવામાં આવી હતી.અયોધ્યામાં રામ રાજ વચ્ચે દેશમાં પહેલેથી જ ફરી દિવાળીનો માહોલ જોવા મળ્યો હતો. ઠેર ઠેર ભક્તો દ્વારા શોભાયાત્રા, પૂજન, ધ્વજારોહણના કાર્યક્રમો વચ્ચે દેશમાં એક અલગ જ માહોલ જોવા મળ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુદ ૧૧ દિવસથી વિધિ માટે અનુષ્ઠાનમાં જોતરાયેલા હતા. આજે નિમંત્રિત મહેમાનો વચ્ચે આરંભાયેલી પૂજન વિધિમાં ખાસ મુહૂર્તનું ધ્યાન રાખવામાં આવ્યું હતું.

# ખેરાલુમાં રામની શોભાયાત્રા પર પથ્થરમારાનો મામલો, ૧૫ જેટલા શખ્સોની પોલીસે અટકાયત કરી

અમદાવાદ,

ખેરાલુમાં ભગવાન રામની શોભાયાત્રા નિકાળવામાં આવી હતી. આ દરમિયાન કેટલાક યુવાનો અને મહિલાઓએ ધાબા પરથી પથ્થર મારો શોભાયાત્રા પર કર્યો હતો. જેને લઈ પોલીસે સ્થિતિ કાબૂમાં લેવા માટે ટીયર ગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. ઘટનાને પગલે ગાંધીનગર રેન્જ આઈજી અને મહેસાણા એસપી સહિતનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો.ખેરાલુમાં પથ્થર મારાની ઘટના બાદ પોલીસ દ્વારા વાયરલ વીડિયો આધારે યુવકો અને મહિલાઓની શોધખોળ શરુ કરવામાં આવી હતી. શોભાયાત્રા દરમિયાન પથ્થર મારો કરીને ધાર્મિક માહોલમાં ખલેલ પહોંચડનારાઓને શોધવા માટે મહેસાણા પોલીસે કાર્યવાહી શરુ કરતા ૧૫ જેટલા શખ્શોની અટકાયત કરી હતી. બેલીમ વિસ્તારમાંથી શોભાયાત્રા પસાર થઈ રહી હતી. એ દરમિયાન ધાબા પરથી પથ્થર મારો કરવામાં આવ્યો હતો. ઘટના બાદ પોલીસનો મોટો કાફલો ખેરાલુમાં ખડકી દેવામાં આવ્યો હતો. આ ઉપરાંત પોલીસ એલર્ટ થઈને વિસ્તારમાં પેટ્રોલિંગ શરુ કર્યુ હતુ. ઘટનામાં પાંચ લોકોને ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યુ હતુ.

# જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, નડીઆદ દ્વારા રાષ્ટ્રીય યુવા દિનની ઊજવણી અંતર્ગત કાનૂની શિક્ષણ કાર્યક્રમ યોજાયો



નડીયાદ,

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા–નડીઆદના ચેરમેન અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ એન. એ. અંજારીઆની સૂચના અને માર્ગદર્શન અનુસાર ફુલ ટાઈમ સેક્રેટરી ડી.બી. જોષીના નેતૃત્વ હેઠળ તાલુકા કાનૂની સેવા સમિતિ, સિનિયર સિવિલ કોર્ટ, નડીઆદના ચેરમેન અને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ જે.આર. પંડિત દ્વારા મફત કાનૂની સેવા–સહાય અને શિક્ષણની જાણકારી તમામ નાગરિકો સુધી પહોચે તે હેતુસર જનજાગૃતિ અને પ્રચાર–પ્રસારની સઘન અને અસરકારક કામગીરી થાય તે માટે સમયાંતરે અને નિયમિત રૂપે કાનૂની શિક્ષણનાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેનાં ભાગરૂપે તા.૧૨/૦૧/૨૦૨૪નારોજ NATIONAL YOUTH DAY રાષ્ટ્રીય યુવા દીનની ઉજવણી અંતર્ગત યુનિ ટ્રસ્ટ સુરજબા મહિલા આર્ટ્સ કોલેજ નડીઆદનાં સંયુકત ઉપક્રમે કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ અને મહિલાઓને લાગતાં કાયદાઓ તથા મફત અને સક્ષમ કાનૂની સેવાઓ વિશેની માહિતી આપવાના હેતુસર એક વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજનાં આ કાર્યક્રમના યજમાન તરીકે યુનિ ટ્રસ્ટ સુરજબા મહિલા આર્ટ્સ કોલેજ નડીઆદનાં આચાર્ય હસિત મહેતા દ્વારા સ્વાગત પ્રવચન કરીને સૌનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ મહિલા પોલીસ સ્ટેશન, ખેડા–નડીઆદનાં પોલીસ ઈન્સ્પેકટર ઉષા એચ.કાતરીયા અને તેમની SHE ટીમ દ્વારા મહિલાઓની સુરક્ષા, સલામતી અને સ્વરક્ષણ તકનીક (SELF DEFENCE TECHNIQUE) વિષય પર તેમની SHE ટીમ દ્વારા લાઈવ ડેમોસ્ટ્રેશન આપીને સરકારનાં પોલીસ વિભાગ દ્વારા કાર્યરત મહિલાઓની સુરક્ષા અને સલામતી માટેની કામગીરી અને વિવિધ હેલ્પલાઈન વિશે વિસ્તૃત માહિતી અને સમજ આપી હતી.

કાર્યક્રમના અંતમાં કાર્યક્રમનાં અધ્યક્ષ એવા જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા–નડીઆદના ફુલ ટાઈમ સેક્રેટરી અને સિનિયર સિવિલ જજ ડી.બી. જોષી દ્વારા મહિલાઓને લગતા કાયદાઓ તથા મફત અને સક્ષમ કાનૂની સહાય વિષય પર વિશેષ માહિતી અને સમજ આપીને સૌ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી.

આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન અને વ્યવસ્થા યુનિ ટ્રસ્ટ સુરજબા મહિલા આર્ટ્સ કોલેજ નડીઆદનાં આચાર્ય શ્રી. હસિત મહેતાના માર્ગદર્શન હેઠળ કોલેજના પ્રોફેસર રજનીબાલા પટેલ દ્વારા કરવામાં આવેલ, જેમાં મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ, પ્રાધ્યાપકગણ અને આમંત્રિતો સહિત કુલ–૩૫૦ વ્યક્તિઓએ હાજર રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# શ્રી જે એન્ડ જે પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ સંતરામપુરનું ગૌરવ વધાર્યું



સંતરામપુર,

તાજેતરમાં ખેલ મહાકુંભ ૨.૦ જીલ્લા કક્ષાની સ્પર્ધા તા.૨૨/૧/૨૦૨૪ ના રોજ ખાનપુર તાલુકામાં નીલકંઠ વિદ્યામંદિર ખાતે તિરંદાજીની સ્પર્ધા અંડર ૧૪ અને અંડર ૧૭ ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં તિરંદાજી (આર્ચરી) વિભાગની સ્પર્ધામાં સંતરામપુરમાં તાલુકામાં આવેલ શ્રી જે એન્ડ પટેલ પ્રાથમિક શાળા ના ૮ વિદ્યાર્થીઓએ તિરંદાજી સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા થાય છે. જેમાં અંડર–૧૪ બહેનો (૧) અમલીયાર ઉન્નતી જીતેન્દ્રભાઈ (૨) ડામોર ચાચના હરિશચંદ્રભાઈ, અંડર–૧૪ ભાઈઓ (૧) તાવિયાડ રોનકભાઈ વિક્રમભાઈ (૨) પ્રજાપતિ નેત્ર દિપેશકુમાર (૩) રાઠોડ મયંક દિનેશચંદ્ર, અંડર–૧૭ ભાઈઓ (૧) મકવાણા ધ્રુમિલ ગોવિંદભાઈ (૨) સંગાડા હર્ષ રાકેશભાઈ, અંડર–૧૭ બહેનો (૧) ભુરીયા હિરલબેન સુરેશભાઈ વિજેતા થયા છે. તમામ સ્પર્ધકોને તેમના ગુરૂ વસાવા કમલેશભાઈએ સખત મહેનત કરી પ્રશિક્ષણ તાલીમ આપી હતી. તમામ વિજેતા બનનાર સ્પર્ધકોને શ્રી જે એન્ડ જે પટેલના ચેરમેન રમેશભાઈ ભાઈ પટેલ અને આચાર્યા દિનેશભાઈ પટેલએ અભિનંદન સાથે શુભેચ્છાઓ આપી હતી.

# રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવેમાં ટ્રકમાંથી ૧૯.૪૮ લાખનો દારૂ ઝડપાયો

અમદાવાદ,

તા. ૨૨ અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર રાધીકા હોટલના પાર્કીંગમાંથી બંધ બોડીના ટ્રકમાંથી મેડીકલ દવાઓની આડમાં લઈ જવાતો કી.રૂ.૧૯,૧૮,૪૦૦ દારૂનો જથ્થો, કી.રૂ.૮૪,૩૯,૩૩૧ દવાઓ તેમજ ટ્રક મળી કુલ રૂ.૧,૧૮,૫૭,૭૩૧ મુદ્દામાલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સુરેન્દ્રનગરે ઝડપી કબજે લીધો છે.

સુરેન્દ્રનગરનાઓને સુચના કરેલ. જે અન્વયે એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર વી.વી.ત્રિવેદી સાહેબે એલ.સી.બી.ના સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી સુરેન્દ્રનગર જીલ્લામાંથી પસાર થતા અલગ અલગ હાઈવે રોડ પર ખાસ પેટ્રોલીંગ હાથ ધરી, અમુક વાહનો વિદેશી દારૂનો જથ્થો ભરી વિદેશી દારૂની હેરાફેરી કરતા હોય, જેથી તે અંગે ચોકકસ હકીકત મેળવી પરીણામલક્ષી કામગીરી કરવા સુચના માર્ગદર્શન કરેલ તેમજ અમદાવાદ રાજકોટ નેશનલ હાઈવે રોડ ઉપર ખાસ પેટ્રોલીંગ હાથ ધરવા સુચના કરેલ.

જે અન્વયે એલસીબી ટીમને ચોકકસ બાતમી હકીકત મેળવી અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર ટોકરાળા ગામની સામે આવેલ રાધીકા હોટલના પાર્કીંગમાં એક બંધ બોડીના વાહનમાંથી મેડીકલ દવાઓની આડમાં લઈ જવાતો ગે.કા.પાસ પરમીટ વગરનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ જેમા (૧) મેકડોવેલ્સ નં.૦૧ ડીલક્ષ વ્હીસ્કી ઓરીજનલ લખેલ કાચની કંપની શીલબંધ ૭૫૦ મીલીની બોટલો નં-૩૫૯૬ કુલ કી.રૂ.૧૪,૩૮,૪૦૦/- તથા (૨) રોયલ ચેલેંન્જ ફાઈન રીજર્વ વ્હીસ્કી લખેલ કાચની કંપની શીલબંધ ૭૫૦ મીલીની બોટલો નં-૧૨૦૦ કી.રૂ.૪.૮૦,૦૦૦/- (૩) ટ્રકમાંથી મળી આવેલ અલગ અલગ દવાઓના બોક્ષ (કાર્ટુન), જે દવાઓની કુલ કી.રૂ.૮૪,૩૯,૩૩૧/- તથા (૪) બંધ બોડીની આઈસર વાહન કી.રૂ.૧૫,૦૦,૦૦૦/- મળી કુલ ૧,૧૮,૫૭,૭૩૧/- મુદ્દામાલ ઝડપી લઈ આઈસર ચાલક તથા તપાસમાં ખુલે તે ઈસમો સામે પ્રોહી ધારા મુજબ પાણશીણા પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ કામગીરી એલ.સી.બી .સુરેન્દ્રનગરના પોલીસ ઈન્સ્પેકટર વી.વી.ત્રિવેદી સાહેબ તથા એ.એસ.આઈ. રામદેવસિંહ ધનશ્યામસિંહ તથા મનસુખભાઈ રાજાભાઈ તથા પો.હેડ.કોન્સ. ભુપતસિંહ જોરૂભા તથા પો.કોન્સ. સાહિલભાઈ મહમદભાઈ તથા પેરોલ ફર્લો સ્કોડના પો.કોન્સ. શક્તિસિંહ જોરૂભા તથા ડ્રાઈવર પો.કોન્સ. પ્રધ્યુમનસિંહ ભુપેન્દ્રસિંહ તથા વિજયસિંહ ઘનશ્યામસિંહએ રીતેની ટીમ દ્વારા કરેલ છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશે. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે. પુણ્ય પર પણ પૈસા ખર્ચ થશે.

વૃષભ : આજે સ્થિતિ બરાબર રહેશે. ધંધાની સ્થિતિમાં પણ સુધારો થઈ રહ્યો છે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે અને આવકમાં વધારો થવાની સંભાવના રહેશે.

મિથુન : આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. ઓફિસમાં અધિકારીઓ આજે તમારી દરેક શક્ય સહાય કરશે. સત્તાવાર કાગળ કરવામાં વિલંબ ન કરો અન્યથા તે બાકી રહી શકે છે.

કર્ક : સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. પારિવારિક વાતાવરણ પણ રોગગ્રસ્ત રહેશે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

સિંહ : તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે, પરંતુ કાર્યસ્થળની ધીમી ગતિને કારણે માનસિક તણાવ ઊભો થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, નહીં તો લોકો તમારી વાતોને હળવાશથી લેશે. કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે સમાજમાં સર્વોપરિતા વધશે.

તુલા : આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે. આજે કામના ધંધાથી અપેક્ષિત પરિણામો ન મળવાના કારણે તમારે વધુ દોડધામ કરવી પડી શકે છે. આર્થિક રીતે દિવસ મુશ્કેલ રહેશે.

વૃશ્ચિક : વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો. બપોરે પછીનો સમય અન્ય કાર્યોમાં સમય પસાર થશે. નોકરી કરનારાઓ માટે દિવસ વધુ શુભ રહેશે.

ધન : આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે, તેથી મૂંઝવણને કારણે મહત્વપૂર્ણ કાર્યો પણ અધૂરા રહી શકે છે. બપોર સુધી કામના ધંધામાં ઉદાસીનતા રહેશે, તે પછી સાંજ સુધી વેચાણમાં વધારો થવાને કારણે કાર્યકારી આવક થશે.

મકર : દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આમાં મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે. આ સમયે તમારા કાર્યસ્થળમાંના બધા કાર્યો સમયસર પૂર્ણ કરવાનો સમય છે.

કુંભ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો. કેટલાક સારા સમાચાર મળવાથી નિરાશા પણ સમાપ્ત થશે. ધંધાનું કામ ક્રમશ પૂર્ણ થતાં મન હળવું થશે. તેમ છતાં કોઈપણ બિનજરૂરી ભય અથવા આશંકા તમારા મગજમાં ખલેલ પહોંચાડી શકે છે.

મીન : આજનો દિવસ કંઈક માહિતીપ્રદ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે અને કોઈ ધાર્મિક કાર્યની યોજના બનાવતી વખતે તમારી સલાહ લેવામાં આવશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં મહાપ્રસાદી, સુંદરકાંડ, શોભાયાત્રા સહિતના કાર્યક્રમો : ભક્તોમાં અનેરો ઉત્સાહનો માહોલ






તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

અયોધ્યામાં શ્રીરામ મંદિરમાં આજે રામલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારે દાહોદ જીલ્લામા ઠેર ઠેર માર્ગો પર રામધૂન અને ભજન કિર્તન સાથે રામ ભક્તોએ પ્રભાત ફેરી અને શોભાયાત્રા કાઢી હતી. જીલ્લાના મંદિરોમાં મહાપ્રસાદી, ભંડારો અને સુંદરકાંડ સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે.

દાહોદ શહેરમાં આજે ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ યાત્રા શહેરના શ્રી રાજ રાજેશ્વર મહાદેવ મંદિર ઠક્કર ફળિયા થી નીકળીને બસ સ્ટેશન થઈ ત્યાંથી સ્વામી વિવેકાનંદ ચોક, ચાર થાંભલા, માણેકચોક થઈ નગરપાલિકા ચોક ખાતે પહોંચી હતી, ડીજેના તાલ અને ગુલાલની છોડો વચ્ચે નીકળેલી શોભાયાત્રાએ શહેરમાં આકર્ષણ જણાવ્યું હતું. આ યાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો મહિલાઓ બાળકો વડીલો જોડાયા હતા. યાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય અને બનાવ ન બને તે માટે શહેર પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. યાત્રામાં વિવિધ વેદ ભૂસા જેમાં ખાસ કરીને હનુમાનજીની વેશભૂષા એ આકર્ષણ જણાવ્યું હતું. હનુમાનજી સાથે લોકોએ સેલ્ફી પડાવી હતી યાત્રામાં મહિલાઓએ ગરબા કરે ભગવાન શ્રીરામને પ્રસન્ન કરવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર શહેર જય જય શ્રી રામ ના નારા સાથે ગુંજી ઉઠ્યું હતું. દાહોદ શહેરમાં ઠેર ઠેર ભગવાન રંગની ધજાઓ એ આકર્ષણ જમાવ્યું હતું. અયોધ્યામાં યોજાયેલ ભગવાન શ્રીરામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને દાહોદમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

દાહોદ જીલ્લા પ્રજાપતિ સમાજ દ્વારા શહેરના મંડાવર રોડ ખાતે આવેલ જલારામ મંદિરમાં ભગવાન શ્રીરામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે રામધૂન તેમજ ભજન કીર્તન કરવામાં આવ્યું હતું. સાથે જ ભગવાન શ્રીરામની વિશેષ આરતી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દાહોદ શહેરના પ્રજાપતિ સમાજ આગેવાનો મહિલાઓ વડીલો બાળકો ઉપસ્થિત રહ્યા હતા, સાથે ભોજન મહાપ્રસાદીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

દધિચીના દ્વારે આવેલી દાહોદ નગરી આજે સંપુર્ણ રામમય બની હતી. ઠેરઠેર રામલલાની શોભાયાત્રા, ભંડારા અને લાઈવ ટેલીકાસ્ટ એલઈડી સ્ક્રિન મુકીને લોકોએ નિહાળ્યાં હતાં. સવારથી સાંજ સુધી વિવિધ કાર્યક્રમો યોજાયા છે. તમામ સમાજોએ, તમામ નગરજનોએ પોત પોતાના વિસ્તારો અભુતપુર્વ રીતે સણગારી અને ઠેર ઠેર કેસરીયા માહૌલ સર્જયો છે. પ્રાણ પ્રતિષ્ઠાના સમયે જય.. જય.. શ્રીરામના નારાએ સમગ્ર વાતાવરણને ગુંજાવી મુક્યું હતું. તો શહેરના ચારેય ખુણા આતશબાજીના ધમધમાટથી ધણધણી ઉઠ્યું હતું. અયોધ્યામાં નવનિર્માણ પામેલ ભગવાન શ્રી રામજીની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ દેશ અને દુનિયામાં હિન્દુ સમાજના લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે દાહોદ જીલ્લામાં પણ આ પ્રસંગને લઈ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. દાહોદના ભગવાન શ્રી રામજી મંદિરો, હનુમાનજી મંદિરો સહિત તમામ મંદિરોમાં વહેલી સવારથીજ ભાવિક ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. મંદિરોમાં જય.. જય.. શ્રીરામના નારા સાથે વાતાવારણ ગુંજી ઉઠ્યું હતું. રામલલાના ઉત્સવને લઈ દાહોદ શહેર સંપુર્ણ બંધ રહ્યું હતું. ભાવિક ભક્તો રામ ભક્તિમાં જોવા મળ્યાં હતાં. શહેરમાં ઠેર ઠેર ભગવાન શ્રીરામજીની શોભાયાત્રા સહિત મહા આરતી, મહા પ્રસાદી સહિતના કાર્યક્રમો યોજાયા હતાં તો સાંજના સમયથી લોકો પોત પોતાના ઘરે દિવાઓ પ્રજવ્લિત કરી રામલલાનું આગમન કર્યુ હતું. આજરોજ દિવાળી જેવો માહૌલ જોવા મળ્યો હતો. લોકોએ આતશબાજી કરી રામલલા પર્વની હર્ષોઉલ્લા તેમજ ભક્તિભાવ પુર્વક ઉજવણી કરી હતી.

અયોધ્યામાં ભગવાન શ્રી રામજીની પ્રતિમાના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ આજરોજ રંગેચંગે અને ભવ્યાતિ ભવ્ય ઉજવાયો છે. દેશ તેમજ દુનિયામાં આ પર્વને લઈ હિન્દુ સમાજના લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે દાહોદ શહેર સહિત જીલ્લામાં પણ આ પર્વની હર્ષોઉલ્લા તેમજ ભક્તિભાવ પુર્વક ભવ્યતિ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રીરામજી મંદિર, હનુમાનજી મંદિરો સહિત તમામ મંદિરોમાં વહેલી સવારથી ભાવિક ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. દાહોદના તમામ રોજગાર ધંધા સંપુર્ણ બંધ રહ્યાં હતાં. વેપારીઓએ આજરોજ પોતાના વેપાર, ધંધાઓ બંધ રાખી રામલલા પર્વની અનોખી ઉજવણી કરી હતી. વયોવૃધ્ધથી લઈ મહિલા, પુરૂષ, બાળકો પોતાના હાથમાં ભગવાન શ્રી રામજી અને હનુમાનજીની ધજાઓ હાથમાં લઈ જય.. જય.. શ્રી રામ ના નારા સાથે રામોત્સવ યાત્રા નીકળી હતી. જયાં જયાંથી રામોત્સવ યાત્રા પસાર થઈ હતી ત્યાં સૌ લોકોએ રામોત્વ યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વ્હોરા સમાજના લોકોએ પણ ભાઈચારાના સંદેશા સાથે રામોત્સવ યાત્રાનું સ્વાગત કરી જય શ્રી રામના નારા લગાવ્યાં હતાં. ઠેર ઠેર મંદિરોમાં મહાયજ્ઞ, મહાઆરતી, મહાપ્રસાદી સહિતના કાર્યક્રમો યોજાયા હતાં. દાહોદ શહેરમાં રામોત્સવ યાત્રા ડી.જે. ઢોલ નગારાના તાલે નીકળી હતી. રામોત્સવ યાત્રામાં મોટી સંખ્યામાં હિન્દુ સમાજના લોકો જોવા મળ્યાં હતાં. દાહોદ શહેરમાં ઠેર ઠેર ખાણીપીણીની સ્ટોલો પણ સમાજના લોકો દ્વારા ખુલ્લા મુકવામાં આવ્યાં હતાં. અયોધ્યામાં નવ નિર્માણ પામેલ અયોધ્યા રામ મંદિરનું લાઈવ પ્રસારણ લોકોએ મોટી મોટી સ્કિનો લગાવી, પોત પોતાના ઘરોમાં ટીવી પર બેસી કાર્યક્રમ નીહાળ્યો હતો. દાહોદ શહેર સહિત જીલ્લો આજરોજ જય.. જય.. શ્રી રામના નારા સાથે ગુંજી ઉઠ્યું હતું. દાહોદ શહેર સહિત જીલ્લાના તમામ મંદિરો ભવ્ય રોશનીથી સણગારી દેવામાં આવ્યાં હતાં. સાંજ પડતાની સાથે મંદિરો સહિત લોકોએ પોત પોતાના ઘરોમાં દિવાઓ પ્રજવ્લિત કરી રામલલાનું આગમન કર્યુ હતું. લોકોએ આતશબાજી કરી પુનઃ એકવાર દિવાળી જેવો માહૌલ ઉભો કર્યો હતો.

લીમખેડા તાલુકાના પાલ્લી ગામે આવેલ શ્રી પંચમુખી હનુમાનજી મંદિર ખાતે આજે ભગવાન શ્રીરામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ૫૧ કુંડી શ્રીરામ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૧ થી વધુ જોડાઓએ ભાગ લીધો હતો. બપોરે ૧૨ વાગ્યે ભગવાન શ્રીરામની વિશેષ આરતી કરવામાં આવી હતી, અને ત્યાર બાદ ૫૧ કુંડી યજ્ઞની શરૂઆત કરવામાં આવી હતી. યજ્ઞમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે વિશેષ વિવિધ દ્રવ્યો દ્વારા આહુતિ આપવામાં આવી હતી, સાથે ઉપસ્થિત તમામ લોકોએ અયોધ્યામાં ચાલતા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને એલઈડી સ્કિનના માદયમથી લાઈવ નિહાળ્યો હતો. ત્યારબાદ ભગવાનના મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ ભગવાન શ્રી રામ આજે પુનઃ અયોધ્યામા બિરાજમાન થયા છે. ત્યારે લીમખેડા નગરમાં ઠેર ઠેર ભગવી ધજાઓના તોરણ બાંધવામાં આવ્યા હતા. નગરના મહાદેવ મંદિર રામદેવપીર મંદિર તેમજ પંચમુખી હનુમાનજી મંદિર સ્વયંભૂ બાળ હનુમાનજી મંદિરને ભવ્ય રોશની થી શણગારવામાં આવ્યું હતું. ભગવાન રામના આગમનને પગલે નગરજનોમાં ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. ત્યારે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને બનાવવા માટે લીમખેડા રામજી મંદિર મા છેલ્લા ૨૪ કલાક થી અવિરત રામધુન અને ભજન–કિર્તન કરવામા આવ્યુ હતુ, અને આજે વહેલી સવારે જય જય શ્રીરામના નારા સાથે પ્રભાતફેરી કાઢવામા આવી હતી. ત્યારબાદ સવારે ૧૦ વાગ્યે ભગવાનની વિશેષ આરતી કરવામા આવી હતી. ત્યારબાદ ભગવાન શ્રીરામની ડીજેના માધ્યમથી ભક્તિ સંગીતના સૂરો વચ્ચે ભગવાન શ્રી રામની ભવ્ય શોભાયાત્રા કાઢવામા આવી હતી. ભગવાન શ્રીરામની શોભાયાત્રામાં ભગવા ધજાઓ સાથે નગરજનો જોડાયા હતા શોભાયાત્રા નગરમાં મુખ્ય માર્ગો પર ફરતા સમગ્ર લીમખેડા નગર રામમય બન્યું હતું. આજે સવારથી જ નગરજનોએ પોતાના ધંધા રોજગાર બંધ રાખી ભગવાન શ્રીરામના વધામણા કર્યા હતા. શોભાયાત્રા બાદ ભગાવાન શ્રીરામની મહા પ્રસાદી નો લાભ લઇ શ્રીરામ ભકતોએ ધન્યતા અનુભવી હતી.

દાહોદ જીલ્લામા આજે ભવ્યથી ભવ્ય કાર્યક્રમ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જીલ્લાભરના મંદિર ખાતે મહાઆરતી ભજન કિર્તન ભંડારો સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આજે વહેલી સવારેથી જ પ્રભાત ફેરી ભજન કીર્તન સાથે રામભક્તોએ ઉત્સવની શરૂઆત કરી હતી.

જીલ્લાભરમાં ઠેર ઠેર ગરબા, ભજન કિર્તન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. અયોધ્યામા ચાલી રહેલ કાર્યક્રમને લાઈવ નિહાળવા માટેનો કઊઉ સ્કીન પણ લગાવવામા આવી છે. તેમજ સાંજના સમયે સુંદરકાંડ તેમજ આતસબાજી તેમજ દરેક ઘરે દીપ પ્રાગટ્ય કરીને દિવાળી જેવો ઉત્સવ મનાવવામા આવનાર છે. જીલ્લામાં ઠેર ઠેર બેનરો પોસ્ટરો ધજાઓ સાથી ભગવા રંગથી રંગાયેલ તોરણો થી શણગાર કરવામાં આવ્યો છે. દાહોદ શહેર સહિત તાલુકાઓમાં મંદિરોને લાઈટ ડેકોરેશનથી શણગાર કર્યો છે.

## ફતેપુરા તથા સુખસરમાં અયોધ્યા ખાતે નવનિર્મિત મંદિરમાં શ્રીરામ બિરાજમાન થતાં હનુમાનજી મંદિર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા



ફતેપુરા,

ભારતીય સંસ્કૃતિના આધાર સ્થંભ ભગવાન શ્રીરામનું જીવન ચરિત્ર સમસ્ત માનવ જાતિ માટે પ્રેરણાનો સ્ત્રોત છે. ૫૦૦ વર્ષની લાંબી પ્રતીક્ષા બાદ મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામ આજે અયોદયા ખાતે પ્રભુ શ્રીરામ નવનિર્મિત મંદિરમાં બિરાજમાન થયા છે. ત્યારે તે આનંદની અનુભૂતિને અનુલક્ષીને સુખસર ગામમા મહાઆરતી, શ્રીરામ યાત્રા, ભવ્ય આતશબાજી, મહાપ્રસાદી જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના થનગનાટ વચ્ચે સુખસર ગામ સહિત ફતેપુરા નગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોના રામ ભક્તો રામ મય થઈ વાજતે–ગાજતે, નાચગાન સાથે સુખસર ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં હજારોની સંખ્યામાં ભાઈ–બહેનો, વડીલો, બાળકો સૌએ ઉત્સાહભેર ભાગ લઈ શોભાયાત્રામાં અભિવૃદ્ધિ કરી હતી.

ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આવેલ દયાળુ હનુમાનજી મંદિર ખાતે આજરોજ અયોદયા ખાતે નવનિર્મિત મંદિરમાં શ્રીરામ બિરાજમાન થતા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં અયોદ્યા ખાતે શ્રીરામ પ્રાણ પ્રતિષ્ઠાના મુહર્તમાં મંદિર ખાતે આરતી બાદ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. સુખસર ગામમાં શોભાયાત્રા દરમિયાન સુખસર પોલીસ સ્ટેશન પી.એસ. આઈ જી.બી ભરવાડની આગેવાની હેઠળ પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.તેમાં તમામ જાતિ,ધર્મ, કોમના લોકોએ સારો સહકાર આપ્યો હતો અને શાંતિપૂર્ણ વાતાવરણમાં આ શોભાયાત્રા દયાળુ હનુમાનજી મંદિર થી પોલીસ સ્ટેશન રોડ, પંચાલ ફળિયા વિશ્વકર્મા મંદિર, સુખસર મેન બજારથી મહાદેવ મંદિર થઈ સુખસર ગામ માંથી વાજતે–ગાજતે અને નાચગાન સાથે પસાર થઈ શાંતિપૂર્ણ વાતાવરણમાં દયાળુ હનુમાન મંદિર ચોક પરત આવી હતી. ત્યારબાદ મહા આરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમજ હનુમાનજી મંદિર ખાતે હનુમાનજી મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા ગ્રામજનોના સહયોગથી ભંડારાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેનો સેંકડો લોકોએ લાભ લીધો હતો. જ્યારે રાત્રિના સુખસર દયાળુ હનુમાનજી મંદિર ખાતે સુંદરકાંડ મંડળના શ્રદ્ધાળુઓ દ્વારા સુંદરકાંડનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં પણ રામ ભક્તોએ સુંદરકાંડની રમઝટ બોલાવી હતી. જ્યારે ફતેપુરા નગરમાં પણ રામભક્તો દ્વારા વિવિધ કાર્યક્રમો રાખી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. તેમાં હજારો રામભક્તો ભાગ લઈ શાંતિપૂર્ણ વાતાવરણમાં શોભાયાત્રા સંપન્ન કરવામાં આવી હતી. આમ, સુખસર તથા ફતેપુરામાં શ્રીરામજીની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા કાર્યક્રમો શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થતાં પોલીસે હાશકારો અનુભવ્યો હતો.

## ફતેપુરા તાલુકાના સુખસર ખાતે “વન સેતુ ચેતના યાત્રા” આવી પહોંચતાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

સમગ્ર રાજ્યમાં આજથી આરંભાયેલી વન સેતુ ચેતના યાત્રાનો શુભારંભ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા નવસારી જીલ્લાના ઉનાઈ ખાતેથી કરાયો છે. ત્યારે આજરોજ દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આવી પહોંચતા ગ્રામજનો દ્વારા યાત્રાના રથ તથા પધારેલા મહાનુભાવોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વન અને પર્યાવરણ ચેન્જ જળ સંપતિ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, આદિજાતિ વિકાસ પ્રાથમિક માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ અને જીલ્લા પ્રભારી મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર તેમજ સાંસદ જશવંતસિંહ ભાભોરના અદયક્ષ સ્થાને તેમજ ધારાસભ્ય રમેશભાઈ કટારા, દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલીયાર, ફતેપુરા તાલુકામાં ભાજપના જન્મદાતા મનાતા ચુનીલાલ ચરપોટ, ફતેપુરા તાલુકા ભાજપ ઉપપ્રમુખ કલજીભાઈ સંગાડા, સુખસર સરપંચ નરેશભાઈ કટારા, સહિત વિશાળ જનમેદની વિગેરેની ઉપસ્થિતિમાં વન સેતુ ચેતના યાત્રાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ્રભારી મંત્રી મુકેશભાઈ પટેલ દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, આ વન સેતુ ચેતના યાત્રા દરેક લોકોને વન સાથે જોડવાનો ઉદ્દેશ છે. વડાપ્રધાનના વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સને–૨૦૨૩–૨૪ના વર્ષમાં રૂપિયા ૪૭ હજાર કરોડની જોગવાઈ કરી છે. આદિમજૂથના લોકોને પીએમ જનમન યોજના થકી ૨૭૦૦૦ પરિવારોને વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરવાનું કામ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું છે. આદિવાસી પ્રજા દ્વારા બનાવવામાં આવતી વિવિધ હસ્તકલાની ચીજ વસ્તુઓને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવા, વેચાણ માટેની શુદ્ધ વ્યવસ્થાનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે, તેમ જણાવ્યું હતું.

જ્યારે ૧૪ જાન્યુઆરી થી ૨૨ જાન્યુઆરી સુધી તમામ તીર્થ સ્થળો અને મંદિરોમાં સ્વચ્છતા અભિયાનને ઝુંબેશ રૂપે ઉપાડી છે. ફતેપુરા તાલુકામાં પણ સૌ કોઈને પોતાની આસપાસ આવેલા ધાર્મિક સ્થળોએ સ્વચ્છતા જાળવવા આહવાન કર્યું હતું. અને ઉમેર્યું હતું કે, શ્રીરામ ભગવાન સાથે આપણા સૌની આસ્થા જોડાયેલી છે. ૫૦૦ વર્ષ પછી આવો અનેરો અવસર આવ્યો હોય ત્યારે આગામી ૨૨ મી જાન્યુઆરીએ આપણા રાજ્ય સહિત દાહોદ જીલ્લા અને ફતેપુરા તાલુકામાં દિવાળી જેવો માહોલની ઉજવણી કરવાની છે. તેમ મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું.

## કાલોલના દેલોલ ગામે ખેતરમાં સંતાડેલ ૨.૩૮ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના દેલોલ ગામના આરોપીએ દિવેલાના ખેતરમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૨,૩૮,૦૮૦/–રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના દેલોલ ગામે રહેતા જીગ્નેશકુમાર ઉર્ફે પાયલોટ મંગળભાઈ રાઠોડએ પોતાના કબ્જા ભોગવટના દિવેલાના ખેતરમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ લાવીને સંતાડી રાખેલ છે. તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રોયલ સ્પેશીયલ ફાઈન વ્હીસ્કી પ્લાસ્ટીક કવાટર નંગ–૨૨૦૮, કિંમત ૨,૨૦,૮૦૦/–રૂપીયા, સુપર સ્ટ્રોંગ બીયર ટીન નંગ–૧૪૪ કિંમત ૧૭,૨૮૦/–રૂા. મળી કુલ કિંમત ૨,૩૮,૦૮૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પોલીસની રેઈડ દરમિયાન આરોપી બુટલેગર નહિ ઝડપાતા આ બાબતે કાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ઝાલોદના લીમડી વિસ્તારમાં દારૂની હેરાફેરીમાં ઉપયોગ લીધેલ કાર અને દારૂ મળી ૬.૨૬ લાખનો મુદ્દામાલ ઝડપ્યો




દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી વિસ્તારમાં રૂપાખેડા તેમજ સુથારવાસા ગામેથી રહેણાંક મકાન તેમજ વાહન મારફતે હેરાફેરી પરીવહન દરમ્યાન ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા પ્રોહી મુદ્દામાલની હેરાફેરી માટે ઉપયોગમાં લીધેલ સ્વીફ્ટ ગાડી મળી કુલ કિંમત રૂા.૬,૨૬,૮૦૦નો મુદ્દામાલ દાહોદ એલ.સી.બી. પોલીસે ઝડપી પાડ્યાંનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડવા, અસામાજીક તત્વોને ઝડપી પાડવા સહિત વિવિધ ગુન્હાઓમાં સામેલ આરોપીઓને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લા પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ ઝાલોદ તાલુકાના રૂપાખેડા ગામે ડામોર ફળિયામાં રહેતાં શૈલેષભાઈ નરસિંગભાઈ ડામોરના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી તેના રહેણાંક મકાન માંથી પોલીસે વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૩૮૪ કિંમત રૂા.૪૮,૪૮૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યા હતો. જ્યારે લીમડી વિસ્તારમાં પોલીસની નાકાબંધી દરમ્યાન પોલીસને મળેલ બાતમીના આધારે એક ફોર વ્હીલર ગાડીની ઉભી રાખી ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૨૧૬ કિંમત રૂા.૨૮,૩૨૦નો પ્રોહી મુદ્દામાલ કબજે કરી આ સંબંધે પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.128

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## અયોધ્યામાં શ્રીરામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ લાઈવ નિહાળવા એલઈડી સ્કીન મુકવામાં આવી

# ગોધરા રામસાગર તળાવ મધ્યમાં બેટ ખાતે શ્રીરામની ૨૧ ફુટ પ્રતિમાનું ખાત મુર્હત કરાયું










## ગોધરા રામમય બન્યું, મોડી સાંજે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી

ગોધરા,

ગોધરા શહેર અયોધ્યા રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ રામમય બન્યું છે. શહેરના રામસાગર તળાવ કિનારે હોળી ચકલા પાસે ધારાસભ્ય, સાંસદ તેમજ ગોધરાના શહેરીજનો સાથે અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનું એલઈડી સ્કીન મુકીને લાઈવ નિહાળી હતી.

અયોધ્યા શ્રીરામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ દેશભરમાં ભકિતમાં રામમય બન્યું છે. ત્યારે ગોધરા શહેર પણ અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠાને લઈ રામમય બન્યું છે. શહેરના મંદિરો અને રાજમાર્ગોને કેસરીયા રંગ શણગારવામાં આવ્યા છે. સાથે લાઈટીંગ થી શહેર રામમય બન્યું છે. આજરોજ ૧૨.૩૯ના વિજય મુર્હતમાં અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠાની ધાર્મીક વિધિ વિધાનથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થનાર હોય આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યક્રમને લાઈવ નિહાળવા માટે ગોધરા હોળી ચકલા રામસાગર તળાવ કિનારે એલઈડી સ્કીન મુકીને નિહાળ્યો હતો. અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસંગને નિહાળવા માટે ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, સાંસદ તેમજ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મોડી સાંજે અયોધ્યામાં રામલલ્લાનું ભવ્ય મંદિર અને મંદિરમાં ભગવાન શ્રીરામ બિરાજમાન થયા છે. ત્યારે આ ઉત્સાહને લઈ ગોધરામાં મોડી સાંજે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. શહેરના રાજમાર્ગો ઉપર થઈને તળાવ રામજી મંદિર ખાતે શોભાયાત્રા પુરી થઈ હતી.

## અયોધ્યા શ્રીરામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા વિધી પુરી થતાં ફટાકડા અને મીઠાઈ ખવડાવી ખુશી વ્યકત કરતાં ગોધરાના નગરજનો

સમગ્ર દેશમાં વર્ષોથી જેની આતુરતાથી રાહ જોવાતી હતી. એ શ્રીરામ જન્મભૂમિ અયોધ્યા ખાતે શ્રીરામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યો હતો. ત્યારે ગોધરા શહેરમાં પણ આજે ભગવાન શ્રીરામ ભગવાનની ૨૧ ફૂટ ઉંચી પ્રતિમાનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. ગોધરા શહેરના રામસાગર તળાવના મધ્યે આવેલ બેટ ખાતે ગોધરા ધારાસભ્ય સી કે રાઉલજી અને ગોધરા નગરપાલીકાના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં આ કામનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. રામસાગર તળાવના મધ્યે આવેલ બેટ પર અગાઉ સ્વામી વિવેકાનંદની પ્રતિમા હતી. જે વાવાઝોડા સમયે ખંડિત બની હતી. તદ્દઉપરાંત ગોધરા શહેરમાં આવેલ સીતા સાગર અને લક્ષ્મણ સાગર તળાવના બ્યુટીફિકેશનના કામનું પણ ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં અંદાજીત રૂ ૫.૮૬ કરોડના ખર્ચે આ કામ પૂર્ણ કરવામાં આવશે. આમ, રામસાગર તળાવ ખાતે શ્રીરામજીની પ્રતિમા ઊભી કરવાની સાથે સાથે સીતા સાગર અને લક્ષ્મણ સાગર તળાવની પણ કાયાપલટ આગામી સમયમાં કરવામાં આવશે.




ઘોઘંબા નગર ખાતે કારસેવકો, ગ્રામજનો, વેપારીઓ, મહિલા મંડળ, નગરજનો, વડીલો, માતાઓ, રાજકીય આગેવાનો દ્વારા આયોજીત ભવ્ય સુપ્રભાત રેલીમાં સૌ સહભાગી થઈ બજાર ખાતે પ્રભુ શ્રીરામ જન્મભૂમિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી. સવારમાં પ્રભાતફેરીમા ભકતજનો એ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભજન-કીર્તન અને ધૂનથી વાતાવરણ રામમય બનાવ્યુ હતું.



શહેરા રામજી મંદિર ખાતે ભજન કીર્તન સહિત અનેક કાર્યક્રમો યોજાયા હતા. જયારે સમસ્ત હિન્દુ સમાજ દ્વારા વર્ષ ૧૯૯૨ માં અયોધ્યા ગયેલા જીગ્નેશભાઈ પાઠક સહિતના કાર સેવકોનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. શહેરા નગરના અંધારી ભાગોળ વિસ્તારમાં આવેલ રામજી મંદિર ખાતે મોટી સંખ્યામાં રામ ભક્તો દર્શનાર્થે ઉંમટી આવ્યા હતા. અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે રામજી મંદિર ખાતે ભજન કીર્તનની રમઝટ જામતા ભકિતમય માહોલ જોવા મળી રહ્યો હતો.

## બિલ્કીશ બાનુ કેશના આરોપીઓની સુપ્રિમ કોર્ટ સજા માફી રદ કરી જેલમાં હાજર થવાના હુકમના છેલ્લા દિવસે મોડી રાત્રે ૧૧ આરોપી ગોધરા સબ જેલમાં હાજર થયા

ગોધરા,

બિલ્કીશબાનું કેશના આરોપીઓને ગુજરાત સરકાર દ્વારા સજા માફી આપીને છોડી મુકવામાં આવ્યા હતા. જેને બિલ્કીશબાનું પક્ષ દ્વારા સુપ્રિમ કોર્ટમાં સજા માફી રદ કરવા અરજી કરાઈ હતી. જેમાં સુપ્રિમ કોર્ટ દ્વારા ૧૧ દોષિતોની સજા માફી રદ કરી ગોધરા સબજેલમાં હાજર થયાનો આદેશ કર્યો હતો. આરોપીઓને જેલમાં હાજર થવાના છેલ્લા દિવસે મોડી રાત્રે ૧૧.૩૦ કલાકે ૧૧ આરોપીઓ જેલમાં હાજર થયા હતા.



દાહોદ જીલ્લાના બિલ્કીશબાનું કેશમાં ૧૧ આરોપીઓને જનમટીપની સજા ફટકારવામાં આવી હતી. આરોપીઓને ગોધરા સબ જેલમાં સજા કાપતા હતા. આ તમામ ૧૧ આરોપીઓને ગુજરાત સરકાર દ્વારા રાહત આપીને સજા માફી આપી છોડી મુકવામાં આવ્યા હતા. જેને લઈ બિલ્કીશબાનું પક્ષ દ્વારા સુપ્રિમ કોર્ટ દ્વારા આરોપીઓની સજા માફી રદ કરી તમામ આરોપીઓને ગોધરા સબજેલમાં હાજર થવાનો આદેશ કર્યો હતો. ૨૧ જાન્યુઆરી આરોપીઓને જેલમાં હાજર થવાનો છેલ્લા દિવસ હોય જેલ લઈ જેલ બહાર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. વડોદરા મધ્યસ્થ જેલના સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ પણ ગોધરા પહોંચ્યા હતા. મોડી રાત્રે ૧૧.૩૦ કલાકે ૧૧ આરોપીઓ ગોધરા સબજેલમાં હાજર થયા હતા.




શહેરામાં અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના કાર્યાલય ખાતે ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો દ્વારા ફટાકડા ફોડીને જય..જય શ્રી રામના નારા લગાવ્યા હતા. શહેરા સહીત સમગ્ર જીલ્લામાં અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને રામ ભક્તોમાં અનેરો આનંદ ઉત્સાહનો માહોલ જોવા મળી રહયો હતો.



કાલોલ તાલુકાના હડમતીયા ગામના મહેશ્વરી મેઘવાળ ભુરાભાઈ રૂપાભાઈ પશુપાલકે અયોધ્યામાં શ્રી રામ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા નિમિતે પોતાના પશુઓનું ૧૦૮ લીટર દૂધ પ્રસાદીરૂપે ગામ લોકોમાં મફત વિતરણ કરી પોતાની અદ્દભુત શ્રધ્ધાનો પરચમ લહેરાવ્યો હતો.

## મોરવા(હ)ના તાજપુરી ગામે મરજી વિરૂદ્ધ યુવતિએ લગ્ન કરતાં આરોપીએ ઝગડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના તાજપુરી ગામે ડુંગરી ફળીયામાં રહેતા ફરિયાદીએ આરોપીઓની વિરૂદ્ધ જઈને ગામના યુવક સાથે લગ્ન કરેલ હોય જેથી ગમતું ન હોય આરોપીએ ફરિયાદીના ઘરે આવી મંદિર અને ઘર તોડી નાખવાની ધમકી આપતા હોય ફરિયાદીએ અભયમ હેલ્પલાઈનની મદદ માટે ફોન કરતાં અભયમ હેલ્પ લાઈન સાથે આરોપીઓને ઘરે ગયા હતા. ત્યારે આરોપીઓએ બે-ત્રણ ઝાપટ મારી હતી અને સમાધાન થયું હતું. બાદમાં ફરી આરોપીઓ ફરિયાદીના ઘરે આવી ગાળો આપી મારી નાખવાની ધમકી આપતાં મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના તાજપુરી ગામે ડુંગરી ફળીયામાં રહેતી નિમીષાબેન બીપીનકુમાર પાંડોરએ આરોપીઓ અભેસિંહ નટવરસિંહ બારીયા અને જરમસિંહ નટવરસિંહ બારીયાની મરજી વિરૂદ્ધમાં જઈને બીપીન બળવંતસિંહ પંડોર સાથે પ્રેમ લગ્ન કરેલ હતા. જેથી આરોપીઓને ગમતું ન હોય જેથી બન્ને આરોપીઓ નિમીષાબેનના ઘર પાસે આવી ગાળો આપી મંદિર અને ઘર તોડી નાખીશું, જીવતા છોડીશું નહિ તેવી ધમકી આપતા નિમીષાબેન અભયમ હેલ્પ લાઈનને ફોન કરી મદદ માંગી હતી. અભયમની ટીમ આવતાં તેમની સાથે આરોપીઓના ઘરે ગયા હતા. ત્યારે અભયમ ટીમની હાજરીમાં ફરિયાદીને બે-ત્રણ ઝાપટ મારી હતી. અભયમ ટીમ વચ્ચે પડી સમાધાન કરાવેલ હતું. ત્યારબાદ આરોપીઓ નિમીષાબેનના ઘરે આવી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરામાં અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠાને લઈ હિદું વિસ્તારના બજાર બંધ રહ્યા

શહેરા,

પંચમહાલ જીલ્લામાં શ્રીરામ ભક્તોમાં ઉમંગ નો માહોલ છવાયો હતો. જ્યારે શહેરા સહિત સમગ્ર જીલ્લામાં આવેલા રામ મંદિરો ફૂલોથી સજાવામાં આવ્યા હતા. રામ ભગવાનના ભક્તિમય ગીતો પર રામ ભક્તો ખુશીથી ઝુમતા નજરે પડવા સાથે હિન્દુ વિસ્તારના તમામ બજારો બંધ રહયા હતા. પંચમહાલ જીલ્લામાં જયશ્રી રામના નારા સાથે ઉત્સાહ, ઉમંગનો માહોલ છવાયો હતો. અયોધ્યા રામ મંદિર ખાતે રામલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે શહેરા સહિત સમગ્ર જીલ્લામાં આવેલા રામ મંદિરોને ફૂલોથી સજાવવા સાથે સવારથી મંદિર ખાતે દર્શન કરવા માટે ભક્તોની અવર-જવર જોવા મળી હતી. રામજી મંદિર ખાતે રામધૂન અને હનુમાન ચાલીસાના પાઠ સહિત અનેક કાર્યક્રમો ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ૫૦૦ વર્ષ બાદ ભગવાન રામ અયોધ્યા ખાતે રામ મંદિરમાં બિરાજમાન થતા રામ ભક્તો દ્વારા મંદિર ખાતે તેમજ જાહેર માર્ગ ઉપર આવતા જતા દરેક લોકોને ચા-નાસ્તો કરવામાં આવવા સાથે ભક્તિનો માહોલ રામ ભક્તોમાં જોવા મળી રહ્યો હતો. સમસ્ત હિંદુ સમાજ રામ ભક્તિમાં લીન થઈ જવા સાથે વેપારીઓએ પોતાના ધંધા રોજગાર સ્વૈચ્છિક બંધ રાખ્યા હતા. જયારે નગરના મહત્વના વિસ્તારો અને રામજી મંદિર સહિતના ધાર્મિક સ્થળો ખાતે પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## ગોધરાના છારીઆ ગામે ભારત સંકલ્પ વિકસિત યાત્રામાં વિવિધ યોજનાની માહિતી અપાઈ




ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના છારીઆ ગામે ભારત સંકલ્પ વિકસિત યાત્રા યોજાયેલ. પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના છારીઆ ગામ ભારત સંકલ્પ વિકસિત યાત્રા અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામજનોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી અને લાભાર્થીઓને વિવિધ યોજનાના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમા ગોધરા તાલુકાના વિસ્તરણ અધિકારી જીલ્લા પંચાયત સદસ્ય તાલુકા પંચાયત સદસ્ય ગામના સરપંચ, ગ્રામ પંચાયતના તમામ સદસ્ય, તલાટી કમ મંત્રી, ગામના આગેવાનો સહિત ઉપસ્થિત રહ્યા હતા. સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



સિંધી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વુમન વિંગ્સ દ્વારા શહીદ હેમુ કલાણીની પુણ્યતિથિ નિમિત્તે ગોધરાની પીટી મીરાણી હોસ્પિટલ પાછળ આવેલ શ્રીસ્વામી લીલા શાહ કુટિયા ગોધરા ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગોધરાના ગૌરવ સમાન હોતચંદભાઈ ધમવાણી ઉર્ફે બાબુજીએ ૧૪૬મી વાર રકતદાન કરીને માનવ સેવાનો અનોખો યજ્ઞ ચાલુ રાખ્યો છે. આ પ્રસંગે ખાસ પંચમહાલ જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ કુ.કામિનીબેન ગોપાલસિંહ સોલંકી, નગરપાલિકા ગોધરાના પૂર્વ પ્રમુખ ગંગારામભાઈ હરવાણી, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના માનદ ચેરમેન ભોલંદા, કિશોરીલાલ ભાયાણી, કોમર્સ કોલેજ ગોધરાના પ્રો.અરૂણસિંહ સોલંકી અન્ય સિંધી સમાજના આગેવાનો અને રકતદાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા તાલુકાના છારીયા ગામે અમને પૂછયા વગર તમારી જમીન કેમ વેચી તેમ કહી મારમારતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના છારીયા જાંબુડી ફળીયા ગામે દુકાન ઉપર બે આરોપીએ ધારીયું અને લોખંડની પાઈપ લઈ આવ્યા હતા અને તમારી જમીન અમને પૂછયા વગર વેચાણ કેમ કરેલ છે. તેમ કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના છારીયા જાંબુડી ફળીયામાં ફરિયાદી યાકુબ અબ્દુલ સત્તાર હોકલા દુકાન ઉપર હતા. ત્યારે આરોપીઓ મોહમંદ અબ્દુલા હોકલા, સોયેબ મોહંમદ હોકલા (રહે. કાલીયાકુવા,ગોધરા) હાથમાં ધારીયું અને લોખંડની પાઈપ લઈને આવ્યા હતા. તમારી જમીન અમને પૂછયા વગર ગામમાં વેચાણ કેમ કરેલ છે. તેમ કહેતા ફરિયાદીએ જમીન સંમતિથી ચાર વર્ષ અગાઉ વેચાણ કરી છે. તેમ કહેતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. ગાળો આપી ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.